મધ્ય ગુજરાત | ગુજરાતમિત્ર

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 ગોધરા કાર્યાલય : પ્રેમપ્રકાશ ટાવર, બીજો માળ, અંકલેશ્વર મહાદેવ રોડ, ગોધરા. ફોન નં. 7096679080 સોમવાર ૨૦ જુલાઇ, ૨૦૨૬

ગોવિંદ તળાઈ ગામમાં શોકનો માહોલ, રોજગારી માટે ગયેલો પરિવાર કાળનો કોળિયો બન્યો

અમદાવાદના ફટાકડા ફેક્ટરી વિસ્ફોટમાં સંજેલીના એક જ પરિવારના પાંચ સભ્યોના મોત

પાંચ સભ્યોના અંતિમ સંસ્કારથી ગામ ગમગીન, પરિવારના વડા ગંભીર હાલતમાં સારવાર હેઠળ

(પ્રતિનિધિ) દાહોદ, તા.19

અમદાવાદ સ્થિત ફટાકડા બનાવતી ફેક્ટરીમાં થયેલા ભયાનક વિસ્ફોટ અને આગની દુર્ઘટનાએ દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના ગોવિંદ તળાઈ ગામને હચમચાવી નાખ્યું છે. આ દુર્ઘટનામાં ચારેલ પરિવારના એક જ ઘરના પાંચ સભ્યોના કરુણ મોત નિપજતાં સમગ્ર સંજેલી પંથકમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ચારેલ પરિવાર રોજગારી અર્થે અમદાવાદ ગયો હતો. દરમિયાન ફટાકડા ફેક્ટરીમાં અચાનક થયેલા જોરદાર વિસ્ફોટ બાદ આગ ફાટી નીકળતા પરિવારના પાંચ સભ્યો જીવતા ભડથું થઈ ગયા હતા. જ્યારે પરિવારના વડા ગંભીર રીતે દાઝી જતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. દુર્ઘટનાના સમાચાર ગોવિંદ તળાઈ ગામમાં પહોંચતા જ સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. આજે મૃતદેહો વતન પહોંચતા પરિવારજનોના કરુણ આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં ગ્રામજનો, સગાસંબંધીઓ અને આગેવાનો ઉમટી પડ્યા હતા. ભીની આંખે સૌએ દિવંગતોને અંતિમ વિદાય આપી હતી. આ કરુણ ઘટનાએ માત્ર ચારેલ પરિવાર જ નહીં, પરંતુ સમગ્ર સંજેલી તાલુકાને ઊંડા શોકમાં ગરકાવ કરી દીધો છે. ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ગ્રામજનો દ્વારા દિવંગત આત્માઓને શાંતિ મળે તેમજ શોકગ્રસ્ત પરિવારને આ અસહ્ય દુ:ખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થનાઓ કરવામાં આવી રહી છે.

કાલોલની કોહીનૂર હોટેલમાં CCTV કેમેરા ન લગાવતા જાહેરનામા ભંગનો ગુનો દાખલ

કાલોલ : કાલોલ પોલીસ સ્ટેશનના A.S.I.અને તેમની ટીમ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગ અને કાયદો-વ્યવસ્થાની ચકાસણીમાં હતા, તે દરમિયાન ગોધરા-કાલોલ હાઈવે પર આવેલી હોટેલોમાં સીસીટીવી કેમેરાની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન કોહીનૂર હોટેલમાં કોઈ પણ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા ન હોવાનું સામે આવ્યું હતું. આ બાબતે હોટેલના સંચાલકને પૂછપરછ કરતાં કોઈ સંતોષકારક જવાબ કે આધાર મળ્યો ન હતો. પોલીસે આરોપી ઝકવાન ઇકબાલ અબ્દુલસલામ દાવલા (ઉંમર ૨૮ વર્ષ, ધંધો: વેપાર,રહેવાસી: શિવમપાર્ક સોસાયટી, કાલોલ, જી. પંચમહાલ સામે કલમ ૨૨૩ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગામમાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાથી લોકોને હાલાકી વેઠવી પડી હતી

શિનોર પંથકમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા લોકોને ગરમીથી આંશિક રાહત મળી

ઝરમર વરસેલા વરસાદથી ખેડૂતોને વાવણી માટે આશાનુ કિરણ જોવા મળ્યું

(પ્રતિનિધિ) શિનોર, તા.19

વડોદરા જિલ્લાના શિનોર પંથકમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા સમગ્ર વિસ્તારમાં વરસાદી માહોલ છવાઈ ગયો છે. શિનોર, માલસર,સાધલી, ઉતરાજ, મીઢોળ, સુરાસામળ સહિતના ગામોમાં ધોધમાર વરસાદ વરસતા જનજીવન પર અસર જોવા મળી હતી. વડોદરા જિલ્લાના શિનોર પંથકમાં લાંબા વિરામ બાદ મેઘરાજાએ શિનોર પંથકમાં જોરદાર એન્ટ્રી કરી હતી. શિનોર, માલસર,સાધલી, ઉતરાજ, મીઢોળ, સુરાસામળ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. શિનોરના મુખ્ય બજારમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા અને જાણે નદીઓ વહેતી હોય તેવા દૃશ્યો સર્જાયા હતા. વાહનચાલકો અને રાહદારીઓને અવરજવર કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, વરસાદના આગમનથી ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોને હવે વાવણી અને પાક માટે આશાનું નવું કિરણ મળ્યું છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ વરસાદી માહોલ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

પોલીસે ઘટનાના વીડીયોનો અભ્યાસ કરી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી

ડભોઈના સેગુવાડા ગામે પડોશીઓ વચ્ચે મકાન બાંધકામ બાબતે ધિંગાણું

(પ્રતિનિધિ) ડભોઈ, તા.19

ડભોઈ તાલુકાના સેગુવાડા ગામે બે મુસ્લિમ પાડોશીઓ વચ્ચે મકાન બાંધકામ બાબત ને લઈ બોલાચાલી બાદ ધીંગાણું સર્જાયું હતું. જેમાં પાવડા અને ડાંગ થી હુમલો થતા બે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તો ની ફરિયાદ આધારે પોલીસે ચાર આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. ડભોઈ તાલુકાના સેગુવાડા ગામે રહેતા માજિદભાઈ શબ્બીરભાઈ સિંધી એ પોતાની પાડોશ માં રહેતા ફેજાન ફરીદભાઈ સિંધી, સોહેલ હનીફભાઇ સિંધી, નાસિર ઉસ્માનભાઈ સિંધી, સોયાબ હમીરભાઈ સિંધી અને ફરીદભાઈ નુરભાઇ સિંધી સહિત ના પરિવાર સામે વરસાદી પાણીના નિકાલની જગ્યાએ ગેરકાયદેસર નું બાંધકામ કરતા હોવાની તલાટી ને અરજી આપી હતી. જેથી તલાટી એ બાંધકામ અટકાવી દીધું હતું. જે બાદ માં પણ બાંધકામ ફરી શરૂ કરાતા ગત 09 મી જુલાઈ ના રોજ ડભોઈ પોલીસ માં પણ દાદાગીરી કરી બાંધકામ કરતા હોવાની અરજી આપી હતી. ત્યારે આજરોજ સવાર માં બંને પરિવારો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ જગડો થયો હતો. જેમાં બાંધકામ કરનાર પરિવાર ના ચાર ઈસમો એ ભેગા થઈ માથા માં પાવડો અને ડાંગ થી હુમલો કર્યો હતો. જેમાં બે આધેડ ને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જે બાદ માં ગામલોકો એ વચ્ચે પડી બંને પરિવારો ને છોડાવ્યા હતા. ઈજાગ્રસ્તો ને 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ડભોઇ પોલીસને સેગુવાડા ગામે ધીંગાણું થયેલ હોવાની હોસ્પિટલ વર્ધી મળતા હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્તોની ફરિયાદ લઈ ચાર ઈસમો સામે ગુન્હો નોંધી ઘટનાના વિડિયોની તપાસ સાથે આરોપીઓ ને ઝડપી પાડવા ની તજવીજ સાથે આગળ ની તપાસ હાથ ધરેલ છે.

જબુગામ ખાતે વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ વિતરણ કરાઈ

આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા છોટાઉદેપુર જિલ્લામાં અત્યાર સુધી 370 કીટનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ) બોડેલી, તા.19

વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને તેમની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી છોટાઉદેપુર જિલ્લા સર્વ સમાજ સેના દ્વારા જબુગામ સ્થિત શ્રી સી. એન. બક્ષી સાર્વજનિક વિદ્યાલય ખાતે શૈક્ષણિક કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનું આયોજન સર્વ સમાજ સેનાના વિરેન્દ્રસિંહ દેસાઈના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, સર્વ સમાજ સેના દ્વારા આર્થિક રીતે નબળા, માતા અથવા પિતાની છત્રછાયા ગુમાવેલા વિદ્યાર્થીઓને શિક્ષણમાં સહાયરૂપ થવાના હેતુથી સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં આશરે 370 જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. તેના અનુસંધાને જબુગામની શ્રી સી. એન. બક્ષી સાર્વજનિક વિદ્યાલય ખાતે અંદાજે 30 વિદ્યાર્થીઓને ચોપડા, પેન્સિલ સહિતની શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પાવાગઢના સિટી ગેટ પર રીલબાજી ભારે પડી, 6 યુવકો ગણતરીના કલાકોમાં પોલીસના સકંજામાં

ઐતિહાસિક સ્મારક પર ચઢીને બનાવ્યો ડાન્સ વીડિયો, સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસ એક્શનમાં

(પ્રતિનિધિ) હાલોલ, તા.19

સુપ્રસિદ્ધ ઐતિહાસિક અને યાત્રાધામ પાવાગઢ ખાતે સોશિયલ મીડિયા પર પ્રસિદ્ધિ મેળવવાની ઘેલછા કેટલાક યુવકોને ભારે પડી છે. પાવાગઢના પ્રવેશદ્વાર તરીકે ઓળખાતા સદીઓ જૂના સીટી ગેટ પર ચઢીને ડાન્સ કરતાં 6 યુવકોનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પાવાગઢ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. ગણતરીના કલાકોમાં જ તમામ યુવકોને શોધી કાઢી તેમની અટકાયત કરવામાં આવી હતી. માહિતી મુજબ, યુવકો મોબાઈલ ફોન અને ડ્રોન કેમેરાની મદદથી સીટી ગેટ પર ચઢી મ્યુઝિક સાથે રીલ બનાવી રહ્યા હતા. આ દરમિયાન સીટી ગેટની નીચેથી સતત વાહનોની અવરજવર ચાલી રહી હતી. જોખમી રીતે સ્મારક પર ચઢીને વીડિયો બનાવવામાં મશગુલ યુવકોને પોતાની સુરક્ષા કે ઐતિહાસિક વારસાના સંરક્ષણનું કોઈ ભાન રહ્યું ન હોવાનું વીડિયોમાં જોવા મળ્યું હતું. બાદમાં આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચર્ચા જાગી હતી. વાયરલ વીડિયો સામે આવ્યા બાદ પાવાગઢ પોલીસની ટીમે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી અને ગણતરીના કલાકોમાં જ વીડિયોમાં દેખાતા તમામ યુવકોને શોધી પાવાગઢ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા. પોલીસ સમક્ષ યુવકોએ પોતાની ભૂલ સ્વીકારી હતી અને ભવિષ્યમાં આવી જોખમી હરકત નહીં કરવાની ખાતરી આપતાં કાન પકડી માફી પણ માંગી હતી.પાવાગઢ જેવા ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ ધરાવતા સ્થળે સુરક્ષા અને વારસાના સંરક્ષણ માટે અનેક નિયમો અમલમાં છે. તેમ છતાં સોશિયલ મીડિયામાં પ્રસિદ્ધિ મેળવવાની ઘેલછામાં કેટલાક યુવકો આવા જોખમી સ્ટન્ટ કરતા હોવાની ઘટનાઓ ચિંતાજનક બની રહી છે.

કાલોલ તાલુકામાં રક્તરંજીત વીકએન્ડ:

કાલોલ તાલુકામાં બે અલગ-અલગ અકસ્માતમાં બે યુવકોના કરુણ મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા.19

કાલોલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા બરોલા ગામે રવિવારે સવારે એક કાળજું કંપાવનારો અકસ્માત સર્જાયો હતો. જેમાં બરોલા ગામના ખેતરવાળા વિસ્તારમાં રહેતા કમલેશભાઈ પ્રવિણસિંહ પરમાર (ઉં.વ. ૩૪) રવિવારે સવારે આશરે ૧૦:૩૦ વાગ્યે પોતાના ખેતરમાં ડાંગર રોપણીની કામગીરી જોવા માટે નીકળ્યા હતા. ઘર નજીકથી પસાર થતા બાકરોલથી અલીંદ્રા રોડ પરથી તેઓ પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક પીકઅપ બોલેરો ડાલા (રજીસ્ટર નંબર: GJ-17-YY-0712) ના ચાલકે પોતાના કબજાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવી કમલેશભાઈને જોરદાર અડફેટે લીધા હતા.

અકસ્માત એટલો ગંભીર હતો કે કમલેશભાઈને માથાના પાછળના ભાગે તેમજ નાક અને મોઢામાંથી લોહી નીકળતા ગંભીર ઈજાઓ થઈ હતી. પરિવારજનો વડોદરાની હરણી મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મરણ જાહેર કર્યા હતા.

બીજી તરફ વેજલપુર પોલીસ મથકની હદમાં શનિવાર રાત્રિના સુમારે હિટ એન્ડ રનની ઘટનામાં એક યુવકે જીવ ગુમાવવો પડ્યો છે.એરાલ ગામના ટેકરા ફળિયામાં રહેતો અશોકભાઈ રતિલાલ બારીયા (ઉં.વ. ૨૮) શનિવારે સાંજે લાકડા કાપવાની મજૂરી કામેથી પરત ફર્યા બાદ, રાત્રે સાતેક વાગ્યે પોતાની મોટરસાયકલ નંબર: GJ-07-CM-5929 લઈને ગેગડીયા ચોકડી તરફ આંટો મારવા નીકળ્યો હતો. ત્યારે ગેગડીયા ચોકડીથી એરાલ જતા રોડ પર, પ્રેસિડન્ટ કંપનીથી થોડે દૂર કેનાલ નજીક કોઈ અજાણ્યા વાહન ચાલકે અશોકભાઈની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર મારીને અજાણ્યો વાહન ચાલક અંધારાનો લાભ લઈ વાહન સાથે ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. અકસ્માતને કારણે રોડ પર પટકાયેલા અશોકભાઈને શરીરે તેમજ માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

ફતેપુરાના કરમેલ ગામે કળિયુગનો કિસ્સો

નશાખોર પુત્રએ લાકડીના ફટકા મારી પિતાને મોતને ઘાટ ઉતાર્યા

(પ્રતિનિધિ) સુખસર, તા.19

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કરમેલ ગામમાંથી કૌટુંબિક હિંસા અને માનવતાને શર્મસાર કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગામમાં એક નશાખોર પુત્રએ પોતાના જ સગા પિતા પર લાકડી વડે જીવલેણ હુમલો કરી તેમની નિર્મમ હત્યા કરી નાખતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ શનિવારની સવારે અંદાજે સાડા નવેક વાગ્યાની આસપાસ કરમેલ ગામમાં આ લોહિયાળ ખેલ ખેલાયો હતો. કોઈ અગમ્ય કારણોસર પુત્રએ નશાની હાલતમાં પોતાના પિતા સાથે ઝઘડો કર્યો હતો. જોતજોતામાં મામલો એટલો બિચક્યો કે ઉશ્કેરાયેલા પુત્રએ ઘરમાં પડેલી લાકડી વડે પિતા પર આડેધડ હુમલો કરવાનું શરૂ કરી દીધું હતું. નશામાં ધૂત પુત્રએ પિતાના માથાના ભાગે લાકડીના સપાટા મારી દેતા પિતા લોહીલુહાણ થઈને જમીન પર ઢળી પડ્યા હતા.માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે પિતાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજતા ગામમાં હાહાકાર મચી જવા પામ્યો હતો.

કવાંટ ગ્રામ પંચાયતનો વિવાદાસ્પદ નિર્ણય !

૫૦ વર્ષ જૂની લાઈબ્રેરીની સામે જ શોપિંગ સેન્ટરનું બાંધકામ શરૂ

મંજૂરી, નકશા અને હરાજી વિના કામગીરીના આક્ષેપ; જિલ્લા તંત્ર પાસે તપાસની માંગ

(પ્રતિનિધિ) કવાંટ, તા.19

છોટાઉદેપુર જિલ્લાના અતિ પછાત કવાંટ તાલુકામાં ગ્રામ પંચાયતના વહીવટને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. ગામમાં છેલ્લા લગભગ 50 વર્ષથી કાર્યરત જાહેર પુસ્તકાલયની સામે જ ગ્રામ પંચાયત દ્વારા શોપિંગ સેન્ટરનું બાંધકામ શરૂ કરવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના કહેવા મુજબ આ બાંધકામ પૂર્ણ થતાં લાઈબ્રેરીનો આગળનો ભાગ સંપૂર્ણપણે ઢંકાઈ જશે અને તેની ઓળખ તથા ઉપયોગિતા પર પણ અસર પડશે. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે ગ્રામ પંચાયત પાસે વિવિધ સરકારી યોજનાઓ હેઠળ મંજૂર થયેલા હોલ અને અન્ય જાહેર સુવિધાઓ બનાવવા માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ નથી. છતાં જાહેર હિતના વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવાને બદલે શોપિંગ સેન્ટરોના બાંધકામ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

આક્ષેપો મુજબ શોપિંગ સેન્ટરના બાંધકામ માટે જરૂરી નકશાની તાલુકા અથવા જિલ્લા કક્ષાની મંજૂરી લેવામાં આવી નથી તેમજ દુકાનોની ફાળવણી માટે હરાજી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી નથી. અગાઉ પણ પંચાયતના સત્તાધીશો દ્વારા પોતાના નજીકના લોકોને શોપિંગ ફાળવવામાં આવ્યા હોવાના આક્ષેપો થતા રહ્યા છે.

સાંસદ જશવંતસિંહ ભાભોરની હાજરીમાં કાર્યક્રમ યોજાયો

કટારાની પાલ્લી પ્રાથમિક શાળામાં ૪૦ લાખના ખર્ચે ત્રણ નવા ઓરડાનું ખાતમુહૂર્ત

(પ્રતિનિધિ) સિંગવડ, તા.19

સિંગવડ તાલુકાના કટારાની પાલ્લી પ્રાથમિક શાળા ખાતે 40 લાખ રૂપિયાના ખર્ચે 3 નવીન ઓરડા બનાવવાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દાહોદ લોકસભાના સાંસદ જશવંતસિંહ ભાભોર ના હસ્તે સંપન્ન થયો. સાંસદ ના આગમન પર ફટાકડા ફોડી અને શાળાની બાલિકાઓ દ્વારા તિલક કરી ઢોલ નગારા સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. બાદમાં જે સ્થળે નવા ઓરડા બનવાના છે તે જગ્યાએ જઈને ઈંટો મૂકી અને નારિયેળ વધેરી ખાતમુહૂર્તની વિધિ કરવામાં આવી. ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ થયો. આ પ્રસંગે પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ સી.કે. કિશોરી, જિલ્લા સર્વ શિક્ષણ અભિયાનના આશિષ જૈન, મુનાવાણી સરપંચ પીન્ટુભાઈ બારીયા, કટારાની પાલ્લી સરપંચ પીન્ટુભાઈ ડામોર, સરજુમી તા.પં. સદસ્ય, સરજુમી સરપંચ જાલીયાપાડા સરપંચ, સિંગવડ તાલુકા શૈક્ષિક મહા સંઘના મહામંત્રી રાજુભાઈ બારીયા સંગઠન મંત્રી લલીતભાઈ ડામોર સહમંત્રી પંકજભાઈ પટેલ અને શિક્ષક સંઘના પ્રમુખ ગોપાલભાઈ રાવળ મહામંત્રી પ્રકાશભાઈ બારીયા અને હોદેદારો, જ્યારે સિંગવડ તાલુકા સહસંચાલક કાંતિલાલ શેલોત સી.આર.સી કોર્ડીનેટર અરવિંદભાઈ કિશોરી જામોદરા પીએમ આચાર્ય રમેશભાઈ બારીયા અને શિક્ષક મિત્રો સહિત ગામના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

TRAI અને ઝાલોદ તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

દાહોદ : ઝાલોદ તાલુકા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા ગ્રાહકોની જાગૃતિ માટેનો કાર્યક્રમ તૃપ્તિ હોટલ ગોધરા ખાતે યોજાયો આ કાર્યક્રમમાં 130 થી વધુ ગ્રાહકબંધુઓએ જાગૃતિનો લાભ લીધેલ હતો આ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય પછી મહાનુભાવોનું તુલસીનો છોડ આપી સ્વાગત કરવામાં આવેલ આ કાર્યક્રમમાં SP કચેરી ગોધરાના સાયબર ક્રાઈમ વિભાગની ટીમ તરફથી ફ્રોડથી બચવા માટેની માહિતી આપેલ અને આ કાર્યક્રમમાં ગ્રાહકોની જાગૃતિ તેમજ ટેલિકોમને લગતી સેવાઓ અને ડિજિટલ માધ્યમ થકી બ્લેકમેલિંગના દુષણ વિશે વિશેષ જાગૃતિ આપવા માટે જિલ્લા પોલીસ કચેરી ગોધરા તરફથી સાયબર સેલ દ્વારા વિશેષ માર્ગદર્શન અને માહિતી આપવામાં આવી હતી.

ઓવરટેક કરવા મુદ્દે ખડકી ટોલનાકા પાસે બે વાહનચાલકો બાખડ્યા

કાલોલ : દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના દુમકા ગામના વતની સંજયભાઈ દેશીંગભાઈ પસાયાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમના પિતા દેશીંગભાઈ પસાયા (ઉ.વ. ૪૭) છેલ્લા ચારેક વર્ષથી રાજકોટની 'ગોકુલ સ્નેક્સ' કંપનીમાં કન્ટેનર (નંબર GJ-03-BY-6579) પર ડ્રાઈવીંગની નોકરી કરે છે. ગત તારીખ ૧૬/૦૭/૨૦૨૬ના રોજ તેઓ રાજકોટથી કંપનીનો માલ ભરીને શહેરા આવ્યા હતા અને ત્યાં માલની ડીલીવરી કરીને પરત કન્ટેનર લઈ રાજકોટ જઈ રહ્યા હતા.સાંજના આશરે પાંચેક વાગ્યાના અરસામાં વેજલપુરથી આશરે છ કિલોમીટર દૂર ખડકી ટોલનાકા નજીકના હાઈવે રોડ પર તેમનું કન્ટેનર જઈ રહ્યું હતું, ત્યારે પાછળથી પૂરઝડપે આવી રહેલી એક વેગનઆર કાર (નંબર GJ-17-BN-7044) ના ચાલકે ઓવરટેક કરવા માટે સાઈડ માંગી હતી. સાઈડ ન મળતા ઉશ્કેરાયેલા વેગનઆર કારના ચાલકે કન્ટેનરને ઓવરટેક કરી આગળ પોતાની ગાડી ઊભી રાખી દીધી હતી. ત્યારબાદ કાર ચાલક અને તેની સાથેના અન્ય એક અજાણ્યા ઈસમે કન્ટેનરના ડ્રાઈવર દેશીંગભાઈને મા-બેન સમાણી ગાળો આપી, ડ્રાઈવર સીટમાંથી નીચે ખેંચી કાઢ્યા હતા. બંને ઈસમોએ દેશીંગભાઈને લાકડીઓ વડે તથા ગડદા-પાટુંનો બેરહેમ માર માર્યો હતો, જેના કારણે તેમને માથાના પાછળના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને તેઓ રોડ પર જ બેભાન થઈ ગયા હતા.

ઘટના બાદ ઈજાગ્રસ્ત ડ્રાઈવરને તાત્કાલિક ખડકી ટોલનાકાની એમ્બ્યુલન્સ મારફતે કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર અપાવી વધુ સારવાર માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

જાહેર નોટીસ શ્રી.એસ.સી.સંગાડા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

અરજદાર : નિસરતા શુકમભાઈ નટુભાઈ રહે. સીંગાપુર તા. સીંગવડ, જિ. દાહોદ વિરૂધ્ધ

નં.જ.મ.પ્ર/એસ.આર નં. /૨૦૨૬ તારીખ : ૧૦/૦૬/૨૦૨૬

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સીંગાપુર મું. સીંગાપુર, તા. સીંગવડ જી. દાહોદ

જન્મ- મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી નિસરતા સુકમભાઈ નટુભાઈ રહે. સીંગાપુર,તા.સીંગવડ, જિ.દાહોદએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ઠેઠળ અરજી કરેલ છે કે, તેઓના ભાઈ નામે નિસરતા વિનોદભાઈ નટુભાઈનું મરણ તા.૧૫/૦૩/૨૦૨૩ ના રોજ મુ.સીંગાપુર, તા.સીંગવડ, જિ.દાહોદ ખાતે થયેલ છે અને તેમના મરણની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઇ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો વા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી ઠાથ ધરવામાં આવશે,જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એસ.સી. સંગાડા) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ

જાહેર નોટીસ શ્રી.એસ.સી.સંગાડા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડની કોર્ટમાં

અરજદાર : નિનામાં રોનાબેન ભાથુભાઇ રહે. સીંગાપુર તા. સીંગવડ, જિ. દાહોદ વિરૂધ્ધ

નં.જ.મ.પ્ર/એસ.આર નં. /૨૦૨૬ તારીખ : ૧૦/૦૬/૨૦૨૬

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, સીંગાપુર મું. સીંગાપુર, તા. સીંગવડ જી. દાહોદ

જન્મ- મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે મરણ નોંધ કરાવવા અન્વયે નોટીસ

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી નિનામાં રોનાબેન ભાથુભાઇ રહે.સીંગાપુર, તા.સીંગવડ જિ.દાહોદએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ઠેઠળ અરજી કરેલ છે કે, તેઓના પુત્ર નામે નિનામાં રાકેશભાઇ ભાથુભાઇનું મરણ તા.૦૧/૦૮/૨૦૨૦ના રોજ મુ.સીંગાપુર,તા.સીંગવડ, જિ.દાહોદ ખાતે થયેલ છે અને તેમના મરણની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઇ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઇ ઇસમને વાંધો વા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,સીંગવડની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી ઠાથ ધરવામાં આવશે,જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

(એસ.સી. સંગાડા) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર સીંગવડ